# મોડાસા તાલુકા મંડળીના ડિવીડન્ડના મામલે વિવાદ

મોડાસા ટીપીઈઓ કચેરીમાં જૂથમંત્રીઓ મારફતે તાલુકા ટીચર્સ મંડળીના ડીવીડન્ટ પેટે મળવાપાત્ર રકમ ગેરકાયદેસર કાપી લેવામાં આવતી હોવાની રાવ માધુપુર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષીકા દ્વારા કરવામાં આવી હતી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને કરાયેલી રજૂઆત અનુસાર બિન અધિકૃત રીતે ટીપીઈઓ કચેરીમાં જૂથમંત્રીઓ દ્વારા કમ્પ્યુટર ઓપરેટરના નિભાવ માટે દરેક શાળામાંથી આવા ઉઘરાણાં કરવામાં આવી રહ્યા છે. ત્યારે શિક્ષકો પાસે થતા આવા ઉઘરાણાની ઉંડાણપૂર્વક તપાસ કરાવી યોગ્ય કાર્યવાહીની માંગ ઉઠી હતી.

માધુપુરા પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષીકા તરીકે ફરજ બજાવતા આશાબેન પ્રજાપતિએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને કરેલી રજૂઆતમાં તેમણે જણાવ્યું હતું કે ૧૩ જુલાઈના રોજ જૂથમંત્રી મારફતે તેઓને મોડાસા તાલુકા ટીચર્સ મંડળીના ડીવીડન્ડમાંથી મળવા પાત્ર ૨૪૦ રૂપિયા રકમ ગેરકાયદેસર રીતે સીધેસીધી કાપી લેવામાં આવી હતી. આ અંગે શિક્ષીકા દ્વારા તાલુકા પ્રા.શિ.સંઘના પ્રતિનિધિઓ તેમજ જૂથમંત્રી સાથે ચર્ચા કરતાં સદર રકમ મોડાસા તાલુકા પ્રા.શિ. અધિકારીની કચેરીમાં કમ્પ્યુટર ઓપરેટર રાખેલ છે તેના માટે શાળા દીઠ ફરજીયાત ઉઘરાવાય છે. અગાઉ પણ શાળા દીઠ ૧૨૫ રૂપિયા લેખે બે બે વાર ઉઘરાણું કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં કામગીરી માટે કારકુનનો સ્ટાફ હોવા છતાં બિન અધિકૃત રીતે કોમ્પ્યુટર ઓપરેટરને બેસાડીને તેમની કામગીરીના મહેનતાણારૂપે જૂથમંત્રી દ્વારા શાળા દીઠ ૨૪૦નું ઉઘરાણું કરવામાં આવી રહ્યું છે. ત્યારે સમગ્ર પ્રવૃત્તિ સામે ઉચ્ચ અધિકારીઓ દ્વારા સઘન તપાસ હાથ ધરી કસુરવારો સામે યોગ્ય કાર્યવાહી હાથ ધરાય તેવી પણ શિક્ષીકા દ્વારા માંગ કરાઈ હતી.

# પ્રાંતિજના બોભાનો યુવાન થોર્બોલ ઈન્ટરનેશનલ ચેમ્પીયનશીપમાં ઝળક્યો

**ભારત સરકાર દ્વારા રમતોત્સવમાં પસંદગી કરવામાં આવી હતી : ફાયનલમાં બાંગલાદેશને હરાવી ભારતને વિજય અપાવ્યો : બાંગલાદેશને હરાવી દુનિયામાં દેશ તથા જિલ્લાનું નામ રોશન કર્યું**

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના



પ્રાંતિજ તાલુકાના બોભાનો યુવક પુર્ણાક પંકજકુમાર પટેલની ભારત સરકાર દ્વારા રમતોત્સવમાં પસંદગી કરવામાં આવી હતી.




પ્રાંતિજના બોભાનો વતની અને હાલ ગાંધીનગર ખાતે રહેતો પુર્ણાક પંકજકુમાર પટેલ ભારત સરકાર દ્વારા થ્રોર્બાલ ઈન્ટરનેશનલ શીપ ચેમ્પીયનશીપ ૨૦૧૮માં ભારતના ખેલાડી તરીકે બાંગલાદેશમાં યોજાનાર ફાયનલમાં બાંગલાદેશને હરાવી દેશને જીત અપાવી.

પસંદગી થઈ હતી. પૂર્ણાક બાંગલાદેશના ઢાકામાં યોજાયેલ થ્રોર્બાલમાં દેશની જીત મેળવવામાં હરણ ફાળો આપ્યો હતો અને ફાયનલમાં બાંગલાદેશને હરાવી ભારતનો વિજય થતાં ગોલ્ડમેડલ તથા ટ્રોફી મેળવી હતી.

# ધનસુરા તાલુકામાં ૩ ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીનું પરિણામ જાહેર

ધનસુરા, તા. ૧૭

ધનસુરા તાલુકામાં જૂથ ગ્રામ પંચાયતોનું વિભાજન થતા ચૂંટણી યોજાઈ હતી. ઈવીએમ દ્વારા ચૂંટણી યોજાઈ હતી. ધનસુરા તાલુકામાં ત્રણ ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી યોજાઈ હતી. આ ત્રણ ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી તારીખ ૧૫-૦૭-૨૦૧૮ના રોજ યોજાઈ હતી. નવલપુર, લાલીનોમઠ અને રામપુર ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી યોજાઈ હતી. જેનું પરિણામ આજે જાહેર કરાયું હતું. ચુસ્ત પોલીસ બંધોબસ્ત સાથે આજે મતગણતરી હાથ ધરાઈ હતી. આ ત્રણેય ગ્રામ પંચાયતોના તમામ વોર્ડ બિનહરિફ થયા હતા.

ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કુલ ખાતે મતગણતરી હાથ ધરાઈ હતી. પરિણામ જાહેર થતા વિજેતા ઉમેદવારો ગુલાલ ઉડાડી ઉજવણી કરી હતી.

# કાંકરેજ તાલુકામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, વીજળી પડતાં ૪ પશુઓના મોત

કાંકરેજ તાલુકામાં મેઘરાજાએ લોકોને લાંબો સમય ઈંતજાર કરાયા બાદ શનિવારે રાત્રે વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો તેમાં વીજળી પડતાં ૪ પશુઓના મોત નિપજયા હતા, જ્યારે નાથપુરા ગામે પણ વીજળી પડતાં ઠાકોર વાલાજી નાગજીજી અને ઠાકોર જવાનજીજી શામજીજીની ભેંસ એમ કુલ તાલુકામાં ૪ પશુઓના વીજળી



મોત નિપજયા હતા.

કાંકરેજ તાલુકામાં લાંબા ઈંતજાર બાદ શનિવારે વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ તુટી પડયો હતો. આ વરસાદમાં ચાંગા ગામે મફાજી જીતાજી ઠાકોરની એક ગાય અને ભેંસ ઉપર વીજળી પડતાં બંનેના પડતાં મોત નિપજયા હતા. કાંકરેજ તાલુકામાં ગત રાત્રીથી અત્યાર સુધી સરેરાશ ૧૨ મિલી મીટર વરસાદ નોંધાયો હતો. આ અંગે તાલુકા પંચાયત કચેરીને જાણ કરાતા પશુ ડોકટર હસમુખભાઈ જોષીએ પશુઓના પીએમ કર્યા હતા.



## કાટેડીયામાં વિજળી પડતાં પ્રાથમિક શાળામાં વીજ ઉપકરણો બળીને ખાખ

કાંકરેજ તાલુકામાં લાંબો સમય ઈંતજાર કરાયા બાદ તારીખ ૧૪-૭-૨૦૧૮ને શનિવારની રાત્રે અચાનક ગાજવીજ અને કડાકા ભડાકા સાથે ભારે વરસાદની સાથે વિજળી પડતાં તાલુકાના ચાંગા અને નાથપુરા સહિત બે ગામોમાં વિજળી પડતાં કુલ ચાર પશુઓના મોત નિપજ્યા હતાં. તેની સાથે કાટેડીયામાં આવેલ પ્રાથમિક શાળામાં વિજળી પડતાં શાળામાં આવેલ લાઈટ ફીટીંગ, નેટ કનેકશન, કોમ્પ્યુટર, એલ.ઈ.ડી, પંખા નંગ-૩૦, વાયરીંગ ટોટલ રુમ-૯નુ લાઈટ ફીટીંગ તથા તમામ ઈલેક્ટ્રોનિક સાધનો નાશ પામેલ છે અને બધુય બળીને નાશ પામેલ છે. હાલ લાઈટનુ કનેકશન બંધ છે અને બાળકો લાઈટ વગર હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ બાબતે શાળાના આચાર્ય,સભ્ય સચિવ, સી.આર.સી. કો.ઓર્ડીનેટર, સરપંચ સહીતનાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી પાલનપુર, કાંકરેજ મામલતદાર, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખ, બી.આર.સી કાંકરેજને તાત્કાલિક ધોરણે વ્યવસ્થા કરી યોગ્ય પગલાં લેવા માંગ કરી હતી.

# દેલવાડા વસાહત પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, ચંપ્પલ, ફુટનું વિતરણ કરાયું

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકાના દેલવાડા વસાહત પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓને નોટબુક, પેન્સિલ, રબ્બર, શૈક્ષણિક કીટ ચંપ્પલ, ફુટનું નૃપેશભાઈ પટેલ બી.આર.સી. સી.ઓ. વડાલી, ઉ.શિ. ગોતા પ્રાથમીક શાળા અંબરીશભાઈ મહેતાના વરદ્ હસ્તે વિતરણ કરાયું હતું.દેલવાડા વસાહત પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

નોટબુક, પેન્સિલ, રબ્બર, શૈક્ષણીક કીટના દાતા મનિષભાઈ એસ.કોઠારી, અંબરીશભાઈ મહેતા, ચંપ્પલના દાતા, રાજુભાઈ સિંધી (ખેડબ્રહ્મા) છે. દેલવાડા વસાહત પ્રાથમીક શાળા આચાર્ય રાકેશસિંહ ચંપાવત, સ્ટાફ પરીવારએ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શક્તિપીઠ અંબાજી મંદિરમાં કર્ણાટકના ધારાસભ્ય અને પૂર્વ મંત્રીએ દર્શન કર્યા

અંબાજી, તા. ૧૭

શક્તિપીઠ અંબાજી લાખો માઈ ભક્તોનું આસ્થાનું કેન્દ્ર છે. આ ધામમાં અવારનવાર માતાજીના દર્શન કરવા માટે સેલિબ્રિટીઓ અને નેતાઓ આવતા હોય છે. આજે પણ માતાજીના મંદિરમાં કર્ણાટકના ધારાસભ્ય અને પૂર્વમંત્રી માતાજીના દર્શન કરવા આવ્યા હતા તેમની સાથે અંબાજીના અગ્રણી નેતા ગણ હાજર રહ્યા હતા.

અંબાજી મંદિરમાં વાહન માર્ગે આવેલા કર્ણાટકના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ક્રિષ્ના અપ્પા અને તેમના ધારાસભ્ય પુત્ર શક્તિપીઠ અંબાજીમાં માતાજીના દર્શન કરવા રાતે આવ્યા હતા. અંબાજી મંદિર દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ ભટ્ટજી મહારાજે તેમને પાદુકા મુકી આશીર્વાદ આપ્યા હતા.



# ઊંઝામાં ભેળસેળના દરોડામાં સાડા ત્રણ લાખના જીરૂ-વરીયાળી કબ્જે કરાયા

ઊંઝા, તા. ૧૭

ઊંઝા વિસ્તારમાં મસાલાઓની ચીજોમાં થતી ભેળસેળને ધ્યાનમાં લઈને રાજ્યના ખોરાક અને ઔષધ નિયમનતંત્રની વડી કચેરીના અધિકારીઓ અને રાજ્યના પાંચ જિલ્લાઓના અધિકારીઓની ટૂકડીઓએ પોલીસને સાથે રાખી ગઈરાત્રે ઊંઝા શહેરમાં જુદી જુદી જગ્યાએ આવેલ કેટલીક ક્લીનિંગ ફેક્ટરીઓ, અન્ય ફેક્ટરીઓ પર સામૂહિક દરોડાઓ પાડી દસ જગ્યાએથી જીરૂ, વરિયાળી, અજમો અને સુવાના ૨૧ સેમ્પલો મેળવી કુલ રૂપિયા ૩,૬૬,૮૬૦ની કિંમતની મત્તાનો ૨૧૫૬ કિલો વજનનો જથ્થો કબજે કરતાં ભેળસેળ કરનારા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપ્યો છે.

ઊંઝા શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી મસાલાની ચીજો જીરૂ અને વરિયાળી તેમજ અન્ય માલોમાં અખાદ્ય વસ્તુઓની ભેળસેળ કરીને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવાની હિન પ્રવૃત્તિ ચાલી રહી હોવાની મળેલ ફરિયાદને પગલે રાજ્યના ફૂડ એન્ડ સેફટી કમિશનર ડૉ. એચ.જી. કોશિયાના આદેશથી રાજ્યની વડી કચેરીના અધિકારીઓ તેમજ રાજ્યના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લાના અધિકારીઓની ટૂકડીઓએ પોલીસ બંદોબસ્ત સાથે ગઈરાત્રે ઊંઝા શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલી કેટલીક ક્લીનિંગ ફેક્ટરીઓ તેમજ અન્ય ફેક્ટરીઓ ગોડાઉનો પર ભેળસેળ બાબતે સામૂહિક દરોડાઓ પાડ્યા હતા. જેમાં દસ જગ્યાએથી જીરૂ, વરિયાળી, અજમો અને સુવાના શંકાસ્પદ માલના ૨૧ સેમ્પલો મેળવ્યા હતા. બાદ કુલ રૂપિયા ૩,૬૬,૮૬૦ની કિંમતની મત્તાનો કુલ ૨૧૫૬ કિલો મામલનો જથ્થો કબજે કર્યો હતો. ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓએ મેળવેલ ૨૧ સેમ્પલોને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી છે.

ભેળસેળ સંદર્ભે તંત્રના સામૂહિક દરોડાઓથી આ વિસ્તારમાં મસાલા ચીજો તેમજ અન્ય ખાદ્ય ચીજોમાં અખાદ્ય પદાર્થોની ભેળસેળ કરનારા તત્વોમાં ભય સાથે ફફડાટની લાગણી ફેલાઈ છે. કહે છે કે કેવળ નાણાં કમાવવાની લ્હાયમાં આવા ગોરખધંધા ચાલી રહ્યાં છે.

ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓએ જે ફેક્ટરીઓમાં તપાસ હાથ ધરી હતી તેમાં મિત્તલ ટ્રેડીંગ ઊંઝા, એસ.બી. એગ્રો ઊંઝા, અમિત જયંતિલાલ પટેલ ઊંઝા, રસિક તળશીભાઈ પટેલ ઊંઝા, મે. કાન્તિલાલ એન્ડ કંપની ઉનાવા, વિમલ ક્લીનિંગ ઊંઝા, શાંતિ ક્લીનિંગ ઊંઝા, હનુમાનપ્રસાદ પિયુષકુમાર ઊંઝા, વિષ્ણુભાઈ જયંતિલાલ ઊંઝા તથા જયંતિભાઈ ઈશ્વરભાઈ પટેલનો સમાવેશ થાય છે.

# ડીસા અને ભીલડી નજીકથી વિદેશી દારૂ ઝડપાયો

કચ્છ ભુજ રેંજની આર.આર.સેલની ટીમે ડીસા તાલુકા પોલીસ સ્ટેશનની હદમાંથી સેન્ટીંગના સામાનની આડમાં વિદેશી દારૂની હેરાફેરી કરવાના ષડયંત્રને નિષ્ફળ બનાવી દારૂ ભરેલ મહિન્દ્રા પીકઅપ ડાલુ ઝડપી લીધુ છે. આરઆરસેલના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.એસ. રબારીના માર્ગદર્શન મુજબ આરઆરસેલની ટીમ ડીસા તાલુકામાં પેટ્રોલીંગમાં નીકળી હતી તે દરમ્યાન બાતમીના આધારે સેંટિંગનો સામાન ભરેલ જીપડાલાને આંતરી તલાશી લેતા થરાદના કરબૂણ ગામનો જીપચાલક તારાભાઈ મદરૂપાભાઈ વણકર પોતાના મહિન્દ્રા મેક્ષ પીકઅપ ડાલામાં સાંચોરના વિક્રમકુમાર





હંસારામ મેઘવાળ તથા મગનભાઈ મારવાડીની મદદગારીથી ૩.૫૪,૦૦૦ રૂપિયાની કિંમતના ૭૦૮ બોટલ દારૂ સાથે ઝડપાઈ જતા આરઆરસેલની ટીમે પીકઅપ જીપ, મોબાઈલ, રોકડ રકમ અને સેન્ટીંગના ફરમા સાથે કુલ ૭,૬૪,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ડીસા રૂરલ પોલીસ સ્ટેશનના હવાલે કરતા ડીસા તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠાની એલસીબી પોલીસની ટીમે પણ ભીલડી નજીકના મુઠેડા ગામેથી વિદેશી દારૂ રેલી વધુ એક ટ્વેરા ગાડી ઝડપી લીધી છે. એલસીબીના ઈન્ચાર્જ પી.આી. જે.એએચ. સિંધવના માર્ગદર્શન હેઠળ એલસીબી પીએસઆઈ એન.એન. પરમાર તેમની ટીમ સાથે ભીલડી વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળ્યા હતા. જે દરમ્યાન બાતમીના આધારે મુડેઠા ગામના પુલ પાસે નાકાબંધી કરી જીજે.૦૧. કેએસ.૪૩૯૦ નંબરની ટવેરા ગાડીને આંતરી તલાશી લેતા આ ગાડીમાંથી ૧,૨૦,૦૦૦ રૂપિયાની કિંમતનો ૭૬૮ બોટલ વિદેશી દારૂ મળી આવતા એલસીબી પોલીસે પાટણના મુજપુર ગામના ગાડીચાલક હનીફભાઈ અબ્બાસભાઈ તુવેર તથા બાજુમાં બેઠેલ અમદાવાદ જિલ્લાના બામરોલી ગામના કુલદીપસિંહ જશવંતસિંહ ઝાલાને ઝડપી લઈ બે મોબાઈલ ફોન તેમજ ગાડી સહિત કુલ ૪,૪૫,૫૦૦ રૂપિયાની કિંમતના મુદ્દામાલ સાથે બંને આરોપીઓને ભીલડી પોલીસના હવાલે કરતા ભીલડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





## મોડાસાના મારીવાડ વિસ્તારમાં ભાડુઆતે ભાડાપટ્ટે રાખેલ જમીન બારોબર વેચતા મામલો કોર્ટમાં પહોંચ્યો

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મારીવાડ વિસ્તારમાં આવેલી જમીન સરકારી ભાડા પટ્ટા પર વર્ષ ૧૯૨૬થી ૧૯૭૬ સુધીના સમયગાળા દરમિયાન ભાડા પટ્ટા પર આપ્યા બાદ ભાડુઆતે જમીનનો ભાડાપટ્ટા વધારે ૨૦ વર્ષનો ભોગવટો કર્યા બાદ તંત્રને અંધારામાં રાખી ભાડુઆતે જમીન બારોબર વેચાણ કરી દેતા જાગૃત નાગરિકોને થતા જમીનનું બારોબારીયું કરનાર શખ્સ સામે નાયબ કલેક્ટરને રજુઆત કરતા નાયબ કલેક્ટરે તપાસનો આદેશ કરતા ચકચાર મચી હતી.

# બનાસકાંઠા જિલ્લામાં ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાનનો પ્રારંભ

પાલનપુર, તા. ૧૭

ઓરી અને રૂબેલા રોગ સામે રક્ષણ પુરૂ પાડવા તા. ૧૬ જુલાઈથી સમગ્ર રાજયમાં એક વિરાટ અભિયાનનો પ્રારંભ થયો છે. આ અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ૯ મહિનાથી ૧૫ વર્ષ સુધીના ૯,૨૧,૨૯૪ બાળકોને કેમ્પેઈનના રૂપમાં રસીકરણ આપવાનું આયોજન છે. રસીકરણના પ્રથમ દિવસે જિલ્લામાં કુલ ૬૭,૩૬૦ બાળકોને ઓરી અને રૂબેલા રોગના રક્ષણ માટે રસી આપવામાં આવી હતી. આ અંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરૂણ આચાર્યએ જણાવ્યું કે આ રસી ઈન્જેક્શન દ્વારા આપવામાં આવે છે. તેમણે કહ્યું કે એક બાળકને ઈન્જેકશન દ્વારા રસી આપ્યા પછી બીજા બાળકને રસી આપતી વખતે નવી સીરીંઝનો ઉપયોગ કરવામાં આવે છે. આમ જેટલાં બાળકોને રસી આપવામાં આવે તેટલી નવી ડિસ્પોઝેબલ સીરીંઝનો ઉપયોગ કરવામાં આવે છે. ડૉ. આચાર્યએ જણાવ્યું કે આ રસી ઈન્જેકશનથી અપાતી હોઈ કોઈ બાળક ગભરાઈ જાય તો તેને એક કલાક સુધી સ્પેશ્યલ ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવે છે. આ બાબતે કોઈને ચિંતા ન કરવા તેમજ ૯ મહિનાથી ૧૫ વર્ષ સુધીના દરેક બાળકને રસી અપાવવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આચાર્યએ જાહેર જનતાને વિનંતી કરી છે.

પ્રથમ દિવસે થયેલ રસીકરણની તાલુકાવાર વિગત આ પ્રમાણે છે. અમીરગઢ-૨૯૦૨, ભાભર-૨૮૨૩, દાંતા-૬૭૭૦, દાંતીવાડા-૧૩૭૨, ડીસા-૮૯૭૩, દિયોદર-૨૮૦૪, ધાનેરા-૬૯૫૪, કાંકરેજ-૭૫૬૮, લાખણી- ૩૩૫૧, પાલનપુર-૫૭૫૦, સૂઈગામ- ૩૫૫૨, થરાદ-૬૩૦૩, વડગામ-૪૮૨૫, વાવ-૩૪૧૩ બાળકોને રસી અપાઈ છે.

## સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા કેમિસ્ટ એસો.ની વાર્ષિક સભા કુંભલગઢમાં સંપન્ન

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા કેમિસ્ટ એસોશિએશનની વાર્ષિક સામાન્ય સભા રાજસ્થાનના પર્યટક સ્થળ કુંભલગઢ ખાતે કુદરતી સાનિધ્યમાં યોજાયી હતી. જેમાં બંને જીલ્લાના ૧૪ તાલુકાના ૫૦૦થી વધુ કેમિસ્ટ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિક સભા પ્રમુખ દિપક પટેલ અને મંત્રી બિપિન ઓઝા કેમિસ્ટ મિત્રો અને તેમના પરિવારોને આવકારી એસોશિએશનનો વાર્ષિક ઓડિટ રિપોર્ટ રજુ કર્યો હતો. વાર્ષિક સામાન્ય સભા સાથે તેમના પરિવારજનો અને કેમિસ્ટ મિત્રો માટે વિવિધ સ્પર્ધાનું આયોજન કરી વિજેતાને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. વાર્ષિક સામાન્ય સભામાં રિટેલ અને હોલસેલ કેમિસ્ટમિત્રોને ધંધાકીય મૂંઝવણ અંગે કેટલાક પ્રશ્નો અંગે ચર્ચા કરી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સામાન્ય સભામાં કેમિસ્ટ મિત્રોના પરિવારો સાથે ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાયો હતો અને મહિલાઓ તથા બાળકો માટે ફેશન શો, કેટ વોક, સંગીત ખુરશી જેવી સ્પર્ધા યોજી વિજેતા સ્પર્ધકોને ગિફ્ટ આપવામાં આવી હતી. રાત્રીના સુમારે રાજસ્થાની સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્ષિક સામાન્ય સભાનું અદભુત આયોજન કરનાર કારોબારી સદશ્યો અને મદદરૂપ થયેલ કેમિસ્ટ મિત્રોની ઉપસ્થિત કેમિસ્ટ પરિવારોએ સરાહના કરી હતી.

# બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૭

શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.શાન્તાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ બામણા પ્રથમ વર્ષા વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ ચીમનભાઈ પંડ્યા, મંત્રી જગદીશભાઈ જોષી, ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી, આચાર્ય ડાં.કલ્પનાબેન પટેલ, આર.ડી.પટેલ, એન.એસ.એસ. વિભાગ કો.ઓ. એન.આર.જોષીની ઉપસ્થિતીમાં વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ સંદર્ભે વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તિલક કરી મોં મીઠું કરાવી પરીચય કરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રો.ડાં.ભીખાભાઈ પટેલ, આભારવિધિ પ્રિયંકાબેન પટેલએ કરી હતી.